

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

કોંગ્રેસે નિષ્ઠા મૂકી'તી નેવે, તેથી તમને ચૂંટ્યા !
'કોંગીએ આવું જ કર્યું'તું' એમ કહી તમે છૂટ્યા !
લૂટ્યા તમે પણ કરતૂતોથી આ લૂલા બચાવે -
બદલાય 'બગ' રાજા ને પ્રજાનાં ભાગ્ય ફૂટયાં !!
(કોંગ્રેસના સમયમાં પણ આમ થયું'તું - ભચાવ બચાવ)

### હાઈકુ

ચાલે છે તંત્ર -
જપે છે જૂના મંત્ર -
કોંગી પગલે...

બદલે ટોપી !
ભગવી કે સફેદ -
માથું તો દુઃખે!!

### ચિંતન

*અપાણિપાદોઽહમ્ અચિન્ત્ય શક્તિઃ પશ્યામ્યચક્ષું સુશ્રુણોમ્યકર્ણ : ।*
*અહં વિજાનામિ વિવિક્તરુપો ન ચાસ્તિ વત્તા મમ ચિત્ત સદાહમ્ ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

હું હાથ પગ વિનાનો પણ અચિંતા શક્તિવાળો છું, ચક્ષુ વિના પણ બધું જોઈ શકું છું, કાન વિના સાંભળી શકું છું, રુપ નથી છતાં પણ જાણી શકું છું, પણ મને કોઈ જાણતું નથી, હું તો સદા ચિત્ત સ્વરુપ છું.

આ શ્લોકમાં બ્રહ્મના સ્વરુપની વાત કરવામાં આવી છે. એ નિકારાક છે, એટલે કે એને રુપ, હાથ, પગ, આંખ, કાન, નાક, કાંઈ નથી. વળી અચિંત્ય છે. કોઈ પણ જાતના તર્કની બુદ્ધિની બહાર છે. બાવન બહેરો છે. બારાખડીના બાવન અક્ષર એ જ ભાષાનો અને વિચારનો પાયો. આ તો તેની પણ બહાર તૈતરિય ઉપનીષદ કહે છે કે એ સર્વવ્યાપી હોવાથી જગતમાં પ્રાણી માત્રનાં હાથ-પગ-નાક-કાન-આંખ વગેરે છે, એ એના જ છે.

### સુવિચાર

- ઈશ્વર કયારેય ચાવી વગરનું તાળું બનાવતા નથી,
  ઈશ્વર કયારે સમાધાન વગરની સમસ્યા નિર્માણ કરતા નથી - **શ્રદ્ધાસૂત્ર**
- નકારાત્મકતાનું માર્ગદર્શન પહેલાં પહેલાં સારું લાગે છે
  પણ પછી તે આપણી બદબાદીના બારણા ખોલે છે - **ડો. હરિશ પારેખ**
- સાચો આત્મવિશ્વાસ હૃદયની શુદ્ધતા અને મનની પારદર્શકતામાંથી પ્રગટે છે,
  તેથી ઈર્ષા, અહંકાર છોડ મન-હૃદયને શુદ્ધ કરવા જરૂરી છે - **ઓશો**
- તમારા રામ ભલે અત્ર-તત્ર-સર્વત્ર હાજરાહજૂર હોય, પરંતુ આત્મારામ વગર તો બધું શૂન્ય છે - **સમર્થ રામદાસ**
- જે સ્વયં શક્તિશાળી હોવા છતાં દુર્બળની વાતો સહન કરે છે,
  તેને સર્વશ્રેષ્ઠ ક્ષમાવાન કહેવામાં આવે છે - **બુદ્ધ**
- તમે જે નજરે જુઓ છો તેનું અડધું જ સત્ય માનો,
  પરંતુ જે સાંભળો છો તેમાંનું કશું જ ન માનો - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : જેઠી મધના પાઉડરને પાણીમાં પાંચ મિનિટ સુધી ઉકાળી તે પાણી ચારથી પાંચ વાર પીવાથી આધાશીશી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા દરિયાઈ સફરે નીકળ્યો. સાથે જી હજૂરિયા અને ગુલામોનો કાફલો પણ હતો. મધદરિયે ભયાનક તોફાન શરૂ થયું. આ બધું જોઈને પહેલી વખત સમુદ્રની સફરે નીકળેલો એક ગુલામ ખૂબ ડરી ગયો અને રડવા લાગ્યો. રાજાને ગુસ્સો આવ્યો. એટલે રાજાએ એ ગુલામને દરિયામાં ફેંકી દેવાનો હુકમ કર્યો. જોકે રાજાના મંત્રીએ એમ ન કરવા કહ્યું. એણે બે મજબૂત ખલાસીને બોલાવીને કહ્યું, 'આના બંને પગે દોરડું બાંધીને જહાજના તૂતક ઉપરથી દરિયામાં ઊંધા માઠે લટકાવી દો.' જેવો ગુલામને એ રીટે લટકાવવામાં આવ્યો કે તરત જ દરિયાનાં મોજાંની થપાટથી એટલો ભયભીત થઈ ગયો કે ગળુ ફાટી જાય એવી ચીસાચીસ કરવા લાગ્યો. થોડીકવાર પછી એને મુક્ત કરવા માટે મંત્રીએ કહ્યું, ખલાસીઓએ એને ફરી પાછો જહાજ પર લીધો. દોરડા છોડી મુક્ત કર્યો. હવે એ ગુલામ જહાજ પર આવીને ચૂપચાપ ખૂણામાં બેસી ગયો. રાજાએ મંત્રીને આ ચમત્કારનું કારણ પૂછ્યું, ત્યારે મંત્રીએ કહ્યું, 'તૂતક પરથી દરિયામાં ઊંઘા માટે લટકાવતાં ગુલામને ભાન થયું કે એમ લટકવા કરતાં તો જહાજમાં રહેવું હજારગણું સલામત હતું.' તાત્પર્ય એ કે વિપરિત પરિસ્થિતિ ઊભી ન થાય ત્યાં સુધી આપણે કેટલા ભાગ્યશાળી છીએ એની પ્રતીતિ થતી નથી.

# હજુ પણ લોકડાઉન કડક જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

ફક્ત એક દિવસ પૂરતા ઘરમાં પુરાઈ રહેવાથી કોરોના જેવા બ્રહ્મરાક્ષસ સામે વિજય મળી ગયો હોય એમ લોકો થાળીઓ વગાડતા અને શંખ ફૂંકતા શેરીઓમાં આવી ગયા. અમદાવાદમાં તો રીતસર રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ નીકળ્યું. ઉત્તરપ્રદેશની પીલીભીતમાં ખુદ પોલીસ વડા અને કલેકટર (ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ) આવા જુલૂસની આગેવાની કરતા દેખાયા. ભારતીય નાગરિકના મનમાં હજી વૈજ્ઞાનિક અભિગમ જેવો ખ્યાલ જ બેસતોન થી. એને તો ઉજવણીમાં રસ છે. ટોળાં કરવાં, ગરબા ગાવા, સૂત્રો પોકારવાં અને સૌથી વધુ તો ટીવીના પદડે ચમકવું - જેમાં શાસક પાર્ટીનો મહત્ત્વાકાંક્ષી યુવા વર્ગ અને મહિલાઓ મોખરે રહે છે. વડાપ્રધાનની અપીલના માનમાં અમે કેવી તાળીઓ પાળી અને થાળીઓ વગાડી તે બતાવવામાં રાજયપાલ કક્ષાના નંબર વન નાગરિક પણ સામેલ થઈ જાય છે. વડાપ્રધાને તાળીઓ અને થાળીઓ તો જે સેવક વર્ગ કે તબીબી વર્ગ જાતે જોખમ લઈ આવા દરદીઓની ખડેપગે, ઉજાગરા વેઠીને સારવાર કરે છે અને સફાઈ કાર્ય સંપન્ન કરે છે - એ લોકોની કદર સ્વરુપે વગાડવાનું સૂચન કરેલું. એ કંઈ કોરોના સામેના વિજયનું સૂચન નથી, એની સામે હિંમતભેર લડવાના દૃઢ સંકલ્પની એમાં પ્રતીતિ જરૂર છે. પરંતુ તાળીઓ અને થાળીઓ વગાડતાં સીધા સરઘાકારે નીકળી પડવું એ તો કર્યા કરાવ્યા પર પાણી ફેરવી દીધા જેવું ગણાય. વડાપ્રધાને પણ આ બાબતની ગંભીર નોંધ લીધી છે. 'લોકડાઉન' જેવા સૂચન કે આદેશને પ્રજાએ જોઈએ એવી ગંભીરતાથી નથી લીધો, એથી વડાપ્રધાને વ્યથા અનુભવી છે. કોરોના નરી આંખે કોઈને દેખાવાનું નથી, વળી એનો ફેલાવો હજી આપણાં દેશમાં બીજા તબક્કાના અંતિમ ચરણમાં છે. પરંતુ હવે લોકન ટ્રાન્સમિશન સ્ટેજ શરૂ થઈ જતાં એની ભયાનકતાનો સાચો અંદાજ આવશે. ચીન, ઈટલી કે ઈરાન અને છેલ્લે સ્પેનમાં કોરોનાથી રિબાઈ રિબાઈને મરતા લોકોના દર્દનાક વીડિયો જોઈએ ત્યારે સમજાય કે આપણા દેશમાં તો એનાથી વધુ ભયંકર સ્થિતિ સરજાઈ શકે, કારણ કે આપણી પ્રજાને આરોગ્ય મુદ્દે કશી જ વૈજ્ઞાનિક જાગૃતિ નથી કે નથી એને આવા રોગચાળા સામે લડવાનો અનુભવ. સરકાર પાસે આવા એપિડેમિકને પહોંચી વળવા જરૂરી એવા સંશાધનો પણ મર્યાદિત છે. આપણી હોસ્પિટલોની કુલ પથારીઓ આવા સંક્રમણથી સરજાતી પરિસ્થિતિને પહોંળી વળી શકે એમ નથી. આપણી પાસે આઈસીયુ કે વેન્ટિલેટરની એટલી સુવિધા છે જ નહીં. આ કઠોર વાસ્તવને ધ્યાનમાં રાખીને આવી પડેલ કોરોના આફત સામે ઝઝૂમવું હોય તો આપણે વધુ સાવચેત રહેવું પડશે. સરકાર તો પ્રતિબંધો મૂકીને વેગળી રહેશે, બાકીનું બધું તો ખુદ પ્રજાએ કરવાનું છે. જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ વેચતી દુકાનો ખુલ્લી રહેશે, ખાનગી પરિવહન પણ અમુક અંશે ચાલતું રહેશે - એ સંજોગોમાં ચેપ લાગવાની સંભાવના સો ટકા અટકાવવાની વાત જ વાહિયાત લાગે. શિક્ષકો અને આરોગ્ય કર્મચારીઓ સૌથી હાઈરિસ્ક કામગીરીમાં પરોવાયેલા રહેશે. તેઓ ચેપી લોકોના સર્વેમાં જોતરાયાં પછી પોતાના પરિવારને ચેપ નહીં જ લગાડે એની ખાતરી ખરી ? આવી વિષમ પરિસ્થિતિમાં પણ આપણે મક્કમ મનોબળ સાથે કોરોના કહેરનો મુકાબલો કરવાનો છે - એ જ આપણી નિયતિ છે. સરકારના પ્રતિબંધોનું શબ્દશઃ પાલન કરીએ અને સોશિયલાઈઝ થવાને બદલે રીતસર સરકાર એકમેકથી સોશિયલ ડીસ્ટન્સ પાળી બતાવીએ, સાથે જ અંગત આરોગ્ય માટે માસ્કથી લઈ સાબુથી વારંવાર હાથ ધોતા રહીએ - સેનિટાઈઝર લગાડતા રહીએ, ઘર-આંગણું ચોખ્ખું રાખીએ અને ઘરમાં જ ગોકુળ સરજીએ તો જ આ રાક્ષસી વાઈરસ સાથેની લડાઈણાં આપણને નિર્ણાયક વિજય મળી શકશે. આવી જીવલેણ સામૂહિક આફતમાંથી પાર ઊતરતાં માનસિક સંતુલન ન ખોરવાઈ જાય, એનું પણ આપણે ધ્યાન રાખવું પડશે.

# આનંદના દીવડાના અજવાળાને ઝીલીએ...



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'ભલે આજે મોટાભાઈ - ભાભી બધાને બોલાવે, સહુ સાથે આનંદ કરે એ વાતો સાચી પરંતુ એમણે બા-બાપુજીને એ સમયે બહુ દુઃખ પહોંચાડ્યું હતું. એમણે એવું કરવું ના જોઈએ...'

અનિકેત જે પરિવાર માટે પારિવારિક સભ્ય જેવો હતો એ પરિવારના એક મુરબ્બી સભ્ય એમના પરિવારજનો સાથે બેઠા હતા ત્યારે એ પરિવારના જ એક ભાઈએ કહ્યું....

વાત એમ હતી કે અનાયાસ અનિકેત એક મિત્રને ત્યાં લગ્ન નિમિત્તે બે દિવસ ગયો હતો. લગ્નનો માહોલ હતો, બધા ધમાલ-મસ્તી કરતા હતા. મોડી રાત્રે બધા ચા-નાસ્તો કરતા બેઠાહતા ત્યારે એ પરિવારના ભાઈઓ-બહેનો પૈકીના એક લેખના આરંભે લખેલી વાત કરી.

એક્ચ્યુઅલી ત્રણ - સાડા ત્રણ દાયકા પહેલા એમના પરિવારના એક ભાઈએ યુવાનીના આવેશમાં માતા-પિતાને મરજી મુજબના દુઃખદાયક શબ્દો કહ્યા હતા. કંકાસ-કકળાટ વધ્યો અને આખરે એ ભાઈ એની પત્ની સાથે અલગથી રહેવા શહેરમાં જતો રહ્યો. થોડા વર્ષો અબોલા રહયા પરંતુ માબાપને તો વ્યાજનું વ્યાજ વધુ વ્હાલુ એમ માનીને તેઓ જ દીકરાના ઘરે શહેરમાંગયા - રહ્યા... ને ફરી તમામ ભાઈ-બહેનોના ઘરમાં એ ભાઈ અને તેના પત્નીનો આવરો જાવરો થયો.

વર્ષોના વહાણા વાયા. બીજા ભાઈઓના સંતાનો પણ પરણી ગયા. આજે ગામડે રહેતા એક ભાઈ-ભાઈના દીકરાના દીકરાના લગ્ન હતા. પેલા ભાઈ-ભાભી જેમની વાત થઈ રહી હતી એ કાલે સવારે આવવાના હતા. એટલે એમની ગેરહાજરીમાં સાડા ત્રણ દાયકા પહેલાં એમને કરેલા ખરાબ વર્તળુંકની સાહજિક વાત થઈ રહી હતી. અનિકેતને જયારે ધરાર આ ચર્ચામાં ખેંચવામાં આવ્યો ત્યારે એણે કૉલેજના લેકચરરની જેમ સહુને સમજાવ્યા કે સાડા ત્રણ દાયકા પહેલાની એક મોટી ભૂલ હજુયે સતત યાદ કરીને તમે પણ ભૂલ નથી કરી રહ્યા ?? એ ભૂતકાળ હતો. હવે આજે આ શુભ પ્રસંગ છે, તો સહુ સાથે મળીને માણોને યાર ! ને સહુએ સ્વીકાર્ય કે હવે કયારેય એ વાત યાદ નહીં કરીએ.

આવી જ એક બીજી ઘટના બને છે, બીજા ઘરમાં, પતિ-પત્નીના લગ્ન જીવનને અઢી દાયકા થઈ ગયા છે. પરિવારમાં દીકરાના ઘરે પણ દીકરો છે, છતાં આજે પણ ઘરમાં બાહ્ય રીતે તમામ સુખોથી વચ્ચે અશાંતિ છે. કારણ શું ? પત્ની પરણીને આવી ત્યારે પોતાની સાસુના તે સમયના જુનવાણી વર્તનો - પરિસ્થિતિને અનુરુપ સંવાદો અને ચર્ચાઓ, સસરાએ કયાંક - કયારેક ટોક્યો હોય તો એની વાતો સતત ઘુમરાય છે. પુત્રવધુના મનમાં. વાતે વાતે અઢી દાયકા પહેલાની ઘટનાઓ એ તારીખ-વાર સાથે યાદ કરે છે ને તોછડા અવાજમાં છેલ્લે પાટલે બેસી જાય છે. પતિ સમજાવે છે કે હવે તો સાસુ-સસરા પણ ગુજરી ગયા હવે શું છે? પણ ના... એ સ્ત્રીને પોતાની જાતની-આજની તેની ખોટ વર્તળુકને સાચી પાડવી છે અને એના મૂળમાં આ બધા ભૂતકાળને પાળો છે એમ સાબિત કરવું છે. માનો કે એ સત્ય હોય તો આજે એમના ઘરમાં આવેલી પુત્રવધુને પણ પોતાની સામે આજના સંદર્ભે સતત ચાલતો જ રહે છે... વીતેલો સમય પોતાનો ખરાબ હતો તો આજે એની પુત્રવધુની પણ ફરિયાદો છે. પણ એ સ્ત્રી સ્વાકારવા તૈયાર નથી. દીકરી-વહુને ના ફાવે તો જુદા રહે - મને તો એવો લાભ પણ કયાં મળ્યો હતો ? આમ કહીને આખરે એ પોતાની જાતને સાચી ઠેરવે છે પણ આજના વર્તમાનના આનંદને ગુમાવી રહી છે.

માણસે એ સમજવાની જરૂર છે કે કારમાં પાછળનો રસ્તો બતાવતો કાચ નાનો છે અને આગળનો રસ્તો બતાવતો કાચ મોટો છે. ભૂતકાળ ખરાબ તો હોત, આખરે ક્યાં સુધી એ ઘટનાઓને યાદ કરીને આજના આનંદમાં પણ એની પીડા ઉમેરીશું? પોતે દુઃખી થશું અને બીજાને પણ કરીશું.

જિંદગી કે ફલસફે કો
મૈંને યું આસાન કર લીયા,
કીસી સે માફી માગ લી,
ઔર કિસી કો માફ કર દિયા
આવી સમજણ કેળવીએ

અને આજના આનંદના દીવડાના આ અજવાળાને ઝીલીએ...

# યહા પે સબ શાંતિ શાંતિ હૈ



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

અત્યારે જ્યારે ફરજિયાત એકાંતવાસ ભોગવવાનો સમય આવ્યો છે ત્યારે એકલતા અને એકાંત વચ્ચેનો જે સૂક્ષ્મ ભેદ છે તેને સમજવો જરૂરી છે. વાસ્તવમાં માણસ આટલા બધાં માણસો વચ્ચે સાવ એકલો છે. એકલવાયો છે. લગ્નસમારંભ હોય કે મોટા મોટા અધિવેશન હોય પણ આ માણસોની ભીડ માં પણ આપણે એકલા પડી જઈએ છીએ. આખા દિવસના શિષ્ટાચાર થી એ જ શિષ્ટાચારવાળું સ્મિત અણગમતા લોકોનો સહવાસ અને જીવનની મેરેથોન દોડમાં ક્યાંય પાછળ રહી જઈએ તેની સતત ચિંતા અને તેમાં દોડતા તમે અને હું એક ચોક્કસ તબક્કે આવીને તંગ થઈ જઈએ છીએ. અને હૃદય પોકારી ઉઠે છે કે બસ! હવે બહુ થયું. ખલીલ ધનતેજવી કહે છે તેમ -

રાતદી' ચાલુ છું ત્યાંનો ત્યાં જ છું
મારું જીવન જાણે કે ચકડોળ છે

શા માટે મુંઝવણ અનુભવીએ છીએ તે ખબર નથી તેની પાસેથી અલગ મૂંઝવણ છે. એકલતા ઘણા સંદર્ભોમાં પરિસ્થિતિઓમાં સંભવી શકે છે. ઘણીવાર ભણવામાં હોશિયાર ન હોય બોલવામાં ઠાવકો ન હોય તેવા રાંક છોકરાને શાળામાં તેના સહાધ્યાયીઓ અને ઘણીવાર શિક્ષકો પણ બબુચક અને ઠોઠ કહીને તેને એકલો પાડી દે છે. રમત-ગમતમાં કે બીજી ઈતર પ્રવૃત્તિઓમાં તેને કોઈ સાથ નથી આપતું અને જાણે નાત બહાર કાઢ્યો હોય તેવો વ્યવહાર તેની સાથે થાય છે. આવા સંજોગોમાં તેની માનસિકતા કુંઠિત થતી જાય છે. ધીરે-ધીરે તેનો પોતાની જાત પર થી જ વિશ્વાસ ઊઠી જાય છે. તેને કારણે તે પોતાની આસપાસ એક વર્તુળ રચી દે છે. મોટે ભાગે તે એકલો રહેવાનું જ પસંદ કરે છે.

ઘણાં વળી એવા પણ જોવા મળે છે જે સામેથી કુહાડી પર પગ મળે છે. આવા મૂડી લોકો કોઈની સાથે ભળતા નથી અને કોઈ સામેથી પ્રયત્ન કરે તો નો એન્ટ્રી નું બોર્ડ મારી દે છે. કદાચ સંબંધો અને સગપણની જવાબદારીમાંથી છટકવા માટે આવું કરતા હશે. કોને ખબર પણ આવા લોકોને મીંઢા કહી શકાય ખરા.

લગ્ન પ્રસંગ હોય, શરણાઈ વાગતી હોય, અનેક સ્નેહી સ્વજનો આસપાસ હોય. પ્રત્યક્ષ રીતે તો આ વાતાવરણ આનંદિત છે. પણ અંદરથી તમે કાંઈક ખળભળાટ અનુભવો છો અને એકલતામાં સરી પડાય છે. આપણે ત્યારબાદ આ એકલતાને દુર હટાવવાના પ્રયત્નોમાં અટવાયા કરીએ છીએ. સિગારેટ, ચા, કોફી, પાર્ટી, ડાન્સ, પિક્ચર આ બધા એકલતાને દૂર કરવાના ક્ષણિક સાધનો બની રહે છે. પણ આ બધા પ્રયત્નો પછી આ બધી મથામણો પછી માણસ વધુ ને વધુ એકલો થઈ જાય છે. ભૂતકાળ ના વિચારો વર્તમાનની મૂંઝવણ અને ભવિષ્યની ચિંતા કરતા આપણે ટળવળતા રહીએ છીએ. એકલતાની પાછળ ઘણીવાર કોઈ આપી શકાય તેવું કારણ નથી હોતું. જે મેળવવા માટે સર્વસ્વ લગાવી દીધું હોય તે જયારે આપણને ન મળે તે સમયની એકલતા સ્મશાનવત હોય છે. આપણા નિષ્ફળ પ્રયત્નોને જગત હસી કાઢે છે. કાલ સુધી જે તમારી સાથે હતા તે પળવારમાં જ તમારા ટીકાકાર બની જાય છે અને એવું કહેતા સંભળાય છે કે – ''અમે તો પહેલેથી જ કહેતા હતા આવા ગાંડા સાહસ ન કરાય''

તમે બગીચામાં કોઈ વૃદ્ધને બાંકડા પર બેઠેલા જોયા છે? જીવનની ઢળતી સાંજે થાકીને જ્યારે ખરેખર તેમને કોઈ સધિયારાની જરૂર હોય છે ત્યારે એકલા શૂન્યમનસ્ક થઈને બેઠા હોય છે. આવા કોઈ વૃદ્ધને જોઈને હૃદય દ્રવી ઊઠે છે અને આનાયાસ જ તેમની આ દુર્ઘટના જવાબદાર માટે અભિશાપ નીકળી જાય છે પણ એકલતાનો રોગ અસાધ્ય નથી તેનો રામબાણ ઈલાજ છે. સમયે સમયે લેવામાં આવતું એકાંત. નવાઈ લાગે છે ને કે સરખા જ લાગતા બે શબ્દો વચ્ચે જોજનોનું અંતર છે. જોસેફ રાઉફ્સે કહ્યું છે કે- એકલતા મારી નાખે છે એકાંત સજીવન કરે છે.

એકાંતમાં માનવી પોતાની જાત સાથે સંવાદ કરી ને કપરામાં કપરી ક્ષણોનો ઉકેલ મેળવી શકે છે. એકલતામાં ઉપરથી બધું શાંત દેખાય પરંતુ અંદરથી શોર-બકોર બૂમ બરાડા પાડતો હોય છે. પરંતુ એકાંત સ્થિતિમાં બહારનો પુષ્કળ ઘોંઘાટ પણ આપણને વિચલિત નથી કરી શકતો. આને એકાંત કહેવાય તેનો પણ જયારે ખ્યાલ ન રહે એવી પરિસ્થિતિ આવે તેને એકાન્તની ઉત્તમ સ્થિતિ સમજવી. માનવસર્જિત અત્યારના આ કપરા સમયને આપણે ભલે ઈશ્વરની કઠોરતા ગણીએ પણ વાસ્તવમાં ઈશ્વરે તો આપણને આપણા ગુમાની અને અભિમાની અહમને આઈનો દેખાડવા માટે આ સ્થિતિ નું નિર્માણ કર્યું છે.

ધ્યાનમાં ખલેલ ન પડે એ માટે આપણે બાળકને શાંત કરી દઈએ છીએ. ટીવી બંધ કરી દઈએ રેડિયો બંધ કરીએ પણ આવશ્યક છે મનને શાંત કરવાની. વિચારો બંધ કરવાની. સ્વયં સાથે વીતાવવાના આ સમયને વેડફીએ નહીં. આત્મચિંતન અને આત્મમંથન કરીએ સ્વયં શિસ્ત લાદીએ. સરકારી પરિપત્રો માર્ગદર્શિકાઓ અને જોર જબરદસ્તી કદાચ આપણા શરીરને વાયરસથી બચાવી શકશે; પરંતુ મનમાં ઘૂસેલા અસંખ્ય નકારાત્મક વાયરસોને નાથવા માટે તો એકાંત એ જ ઉપાય છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# કાષ્ઠકલામાં અભિવ્યક્તિનું અનોખુ પાસુ ઉજાગર થતું હોય છે



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી
મને પાનખરની બીક ન બતાવો
પંખી સહિત હવા ચાતરીને જાય
એવું અષાઢી દિવસોમાં લાગે
આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં
પણ મારામાં ઝાડ હજી જાગે

કળા જીવવાનું બળ છે. લેખન, વાંચન હોય કે શ્રવણ, શિલ્પ હોય કે કાષ્ઠ, તસવીર હોય કે ચિત્ર જેની પાછળ કલા શબ્દ લાગે એનુ સ્વરૂપ અનોખુ બની જતું હોય છે. આજે દુનિયામાં પર્યાવરણીય સુરક્ષા અને પ્રદુષણ નિયંત્રણ ક્ષેત્રે જબરજસ્ત જાગૃતિ આવી છે. કવિ અનિલ જોષીની આ બે પંક્તિઓમાં પ્રત્યેક લાકડાની એક અલગ ભાષા અને અલગ ઈતિહાસ હોવાનો સાદ છે. 'મુડ ઓફ વુડ'નો ભાવ આ બે પંક્તિમાં સુંદર રીતે વ્યક્ત થતો દેખાય છે. આમ તો લાકડું વૃક્ષનું કુળ. કેમ્બ્રિજ ઈંગ્લીશ ડિક્ષનેરીના શબ્દાર્થ મુજબ મકાન અને ફર્નિચર બનાવવામાં તથા બળતણ માટે ઉપયોગ થતો હોય એવો વૃક્ષની ડાળીઓ અને થડનો મજબુત અને સખત પદાર્થ. કેનેડાના ન્યુ બ્રુન્સવીકમાં તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા એક સંશોધન અનુસાર ૩૯૫થી ૪૦૦ મિલિયન વર્ષો પૂર્વે વૃક્ષના થડ અને ડાળીઓના લાકડાની વિવિધ બનાવટો તરીકે ઉપયોગમાં લેવાની શરૂઆત થઈ હતી. ત્યારપછી શસ્ત્રોથી માંડીને વિવિધ સાધનો સુધી, કાગળથી માંડીને ફર્નિચર સુધીની બનાવટોમાં મનુષ્ય જાતે લાકડાનો ભરપુર ઉપયોગ કર્યો છે. દસ હજાર વર્ષ પુરાણા કેટલાક એવાં સ્થાપત્યો પણ છે કે, જેમાં લાકડાનો ઉપયોગ થયો છે.



જાણીતા લેખક અને સંશોધક કનુભાઈ નાયક લખે છે કે, પૌરાણિક શાસ્ત્ર કામસુત્રમાં પુરુષોની ૭૨ કળાઓના વર્ણન પૈકી ૩૬મી કળા 'તક્ષણમ'નો ઉલ્લેખ છે. તક્ષણમ્ નો અર્થ થાય કોતરવાની કળા. મંદિરોમાં લાકડાની મૂર્તિઓ કંડારવાની કળાને સૌથી વિલક્ષણ કળા માનવામાં આવે છે. કલાકારો માટે ગીતા ગણાતા 'શુક્રનીતિસાર' ગ્રંથમાં કાષ્ઠ કોતરણી વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે. બૃહદસંહિતામાં લાકડાના સિંહાસનોનો ઉલ્લેખ જોવા મળે છે. બૌદ્ધ ચૈત્યો અને વિહારોમાં પ્રાચીન કાષ્ઠ સ્થાપત્યો અને મૂર્તિઓનું સ્થાન છે. જેમ્સ બર્જેસે એમના પુસ્તકમાં ગુજરાતના પાટણના એક શેઠના લાકડાના કલાત્મક ઘરનો ઉલ્લેખ કર્યો છે. અમદાવાદના જૈન મંદિરોમાં કાષ્ઠકલાના શ્રેષ્ઠ ઉદાહરણો જોવા મળે છે.

ગરવા ગુજરાતની જીવનશૈલીના ઉંડાણમાં કાષ્ઠકલાનું અમીટ સ્થાન છે. લાકડા ઉપર બારીક નકશીકામ કરવાની કળા ગુજરાત-ભારતમાં ખૂબ જૂના સમયથી પ્રચલિત છે. વેદ, પુરાણ, રામાયણ, મહાભારત કૌટિલ્ય અર્થશાસ્ત્ર, બૃહદસંહિતા, બૌદ્ધ સાહિત્ય અને વિદેશી પ્રવાસીઓની નોંધપોથીમાં આના વિસ્તૃત આધારો જોવા મળે છે. પાટલીપુત્ર એક જમાનામા મૌર્ય રાજની રાજધાની કહેવાતું. તેના કેટલાક અવશેષો પટણા નજીકથી મળી આવ્યા છે. તેમાં મકાનો અને મહેલોના બાંધકામમાં લાકડાનો ઉપયોગ થયો હોવાનું જણાયું છે. અજન્ટા ઈલોરાની બૌદ્ધ ગુફાઓ તેમજ સ્તુપોમાં જે તે સમયની કાષ્ઠકલા સુપેરે વ્યક્ત થઈ છે.

ગુજરાતમાં અને ભારતમાં પૌરાણિક સમયમાં મંદિરોના નિર્માણમાં લાકડાનો ખૂબ ઉપયોગ થતો. એવું કહેવાય છે કે, ભગવાન શ્રીકૃષ્ણએ બનાવેલા પ્રભાસ પાટણના ત્રીજા મંદિરના બેઈઝમાં લાકડું હતું. એમ પણ માનવામાં આવે છે કે, સોમનાથનું મંદિર પણ લાકડાથી બન્યું હતું. જો કે કેટલાક લોકોનું મંતવ્ય એવું પણ છે કે સોમનાથન મંદિરમાં પથ્થર અને ઈંટોનો ઉપયોગ થયો છે. પરંતુ એ ચોક્કસ છે કે, ૫૬ રત્ન જડિત થાંભલાઓ લાકડાથી બન્યા હતા. લાકડાના બનેલા દક્ષિણના ગોપુર મંદિરો નવથી બાર માળના છે.

જૈન દેરાસરોમાં લાકડાનો કલાત્મક રીતે ઘણો ઉપયોગ થયો છે. ૧૪થી ૧૯મી સદી વચ્ચે ગુજરાતમા બંધાયેલા જૈન દેરાસરો સંપુર્ણ રીતે કાષ્ટકલાથી શોભે છે. પાટણના કેટલાક મંદિરોના અંશો ન્યુયોર્કના મ્યૂઝીયમમાં અને પાટણમાં આજે પણ જોવા મળે છે. જેમ્સ બર્જેસે 'આર્કીટેકચરલ એન્ટીક્વીટીઝ ઓફ નોર્ધન ગુજરાત'માં સારાભાઈ નવાબે ૧૯૬૩માં બનાવેલા જૈન ચિત્ર કલદ્રુપનું અદભુત વર્ણન કર્યું છે. સુરતના ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર, પાટણના કુંભારીયા પાડામાં આવેલા વૃષભદેવના દેરાં, કપુર મહેતાના પાડામાં આવેલા દેરાસરના થાંભલા, અમદાવાદમાં હાજા પટેલની પોળમાં આવેલી શાંતિનાથની પોળના શાંતિનાથ દેરાસરનો રંગમંડપ, ઘુમ્મટ, દેલવાડાના જૈન મંદિરો વગેરે ગુજરાતના જૈન દેરાસરોની અદભુત કાષ્ટકલાના જાગતા ઉદાહરણો છે. ગુજરાતના અમદાવાદ, ખંભાત, સુરત, ભરૂચ, સિદ્ધપુર, ઈડર, મહુવા, સંખેડા, હળવદ, ધોળકા, નડિયાદ, છોટાઉદેપુર, જૂનાગઢ, જેવા નગરોમાં કાષ્ઠકલાનો વૈભવ ગુજરાતની શાન છે.

સામાન્ય રીતે કાષ્ઠ સ્થાપત્યના વિકાસના લગભગ ૨૫૦થી ૩૫૦ વર્ષ પુરાણા સૌથી પ્રાચીન તબક્કામાં નમૂનેદાર કાષ્ઠકલા જોવા મળે છે. તેમાં ઝીણું, ઊંડું, સ્વચ્છ અને રેખાની બારીકાઈ ઊડીને આખે વળગે એવી છે. એ પછી સૌરાષ્ટ્રમાં ,મુગલાઈ, મારવાડી અને મરાઠી રંગે રંગાયેલી કાષ્ઠકલાનું મિશ્રણ દેખાય છે. ક્રમશઃ અલંકારે મઢ્યું કાષ્ઠશિલ્પ લોકોના ઘરમાં સ્થાન લેવા લાગ્યું. મંદિરો, રહેઠાણો અને આવાસોમાં વપરાશની ચિજવસ્તુઓમાં કાષ્ઠ શિલ્પનો ઉપયોગ થવા લાગ્યો. મકાનમાં બારી, બારણા, ઝરૂખા, ગોખલા, થાંભલાઓ, છત વગેરે કાષ્ઠ કોતરણીથી સુશોભિત કરવામાં આવતી. અમદાવાદની દોશીવાડાની પોળ, વાઘણ પોળ, પાદશાહની પોળમાં આવેલા સદીઓ પુરાણા મકાનો કાષ્ઠકલાથી આજે પણ અદભુત સૌદર્ય ધરાવે છે.

જાણીતા લેખક અને સાહિત્યકાર જોરાવરસિહ જાદવે એમના લોકકલા વારસો પુસ્તકમાં જણાવ્યું છે કે, જેમ જેમ સમય વિતતો ગયો એમ એમ સુશોભનોમાં કાષ્ઠકલા વધુને વધુ ઉભરી આવતી ગઈ. કાષ્ઠકલાના કારીગરો વેદપત્રો, ફૂલ કે વિવિધ ભૌમિતિક આકારોની ભાત લાકડાના શણગારોમાં કંડારવા લાગ્યા. ત્યાર બાદ દેવી-દેવતાઓ, અપ્સરાઓ, માનવ આકૃતિના શિલ્પો આવવા લાગ્યાં. પક્ષીઓ, પ્રાણીઓના ચિત્રો પણ સ્થાન પામ્યા છે. પ્રાચીન શિલ્પગ્રંથોમાં લાકડામાંથી મૂર્તિઓ કંડારવાનો ઉલ્લેખ જોવા મળે છે. સામાન્ય રીતે કાષ્ઠમાંથી બનાવેલી પ્રતિમાઓનું આયુષ્ય લાંબુ નથી હોતું. લાકડું જલદી નાશ પામતું હોય છે. એટલા માટે પથ્થર અને ધાતુમાંથી મૂર્તિઓ બનાવવાની પરંપરાએ સ્થાન એનું લીધું.

પ્રાચીન કાળમા વાસ્તુવિદ્યાના જોવા મળતા ગ્રંથોમાં કાષ્ઠ સ્થાપત્યની ઊંડાણપૂર્વકની વિગતો છે. સમરાંગણ સૂત્રધારમાં ગૃહનિર્માણના અધ્યાયોમાં કાષ્ઠ સ્થાપત્યનું વિવરણ છે. 'જયપૃચ્છા' અને 'પ્રમાણમંજરી'માં પણ કાષ્ઠશિલ્પની વિસ્તૃત છણાવટ છે. કાષ્ઠશિલ્પને અમર બનાવવા માટે જે કસબીઓએ તેમનો કસબ

અનુસંધાન પાના નં ૭ પર